# ગુજરાત સમાચાર

15th July 2015

બુધવાર, તા. ૧૫ જુલાઈ ૨૦૧૫

## દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

રાષ્ટ્રપતિ ભવન ખાતે ઈફતાર પાટી યોજતા રહ્યાં છે.

### ફરી પલટી મારી

પાકિસ્તાન હાઈકમિશન મોદી- શરીફ વચ્ચેની વાટાઘાટોની સુવિધા માટે એની ઈફતાર પાર્ટી રોકી રાખે એવા અહેવાલો હતા, પરંતુ તા. ૨૧ જુલાઈએ એણે યોજેલી ઈદની ઉજવણીમાં હુરિયતના અગ્રણીઓની આમંત્રણ આપવામાં આવ્યા છે. એ માટે હાઈ કમિશને એવું કારણ આપ્યું છે કે એ જમ્મુ અને કાશ્મીરના લોકોને નૈતિક, રાજકીય અને રાજદ્વારી ટેકો આપવાનું ચાલુ રાખશે.

### રક્તપિત્તના દર્દીઓને અધિકારો

દેશમાં રક્તપિત્તના દર્દીઓની માન્ય અને નોંધાયેલી ૭૪૭ વસાહતો છે. આની ગંભીર નોંધ લઈને અપંગતા અધિકાર સંસ્થાના આંતરરાષ્ટ્રીય નેટવર્ક એવા ડિસએબલ્ડ પીપલ્સ ઈન્ટરનેશનલે રક્તપિત્તના દર્દીઓને અપંગતા અધિકાર ચળવળમાં સંપૂર્ણ સામેલ કરવાનું નક્કી કર્યું છે.

### ચાલી રહેલી લડાઈ

ગુજરાત કેડરના આઈએએસ અધિકારી રાજીવ ટકરૂ કેન્દ્રમાં ગત વર્ષે સત્તા પલટો થયો ત્યારથી એક લડાઈમાં સંકળાયેલા છે. એનડીએ સરકારે સત્તાગ્રહણ કર્યે માંડ એક માસ થયો હશે ત્યાં જ એમને ઈશાન રાજ્યોના વિકાસ મંત્રાલયમાં ખસેડાયા. જો કે એમને એ ખાતાના તત્કાલીન પ્રધાન વી. કે. સિંઘ સાથે ફાવ્યું નહોતું, પરિણામે એમને લઘુમતીઓના રાષ્ટ્રીય પંચમાં ખસેડાયા હતા. ટકરુ અ. પંચના અધ્યક્ષ અને સભ્યો સાથે સંકળાયેલા કો-ટર્મિનસ સ્ટાફના મુદ્દે પંચ સાથે લડાઈ લડી રહ્યા છે. ટકરુ એમને હટાવવા માગે છે. આ મુદ્દો હવે લઘુમતી બાબતોના પ્રધાનની કચેરીએ પહોંચ્યો છે.

\- ઈન્દર સાહની